www.chipsairexp.com
પરદેશ પાર્સલ સેવા
CHIPS Express
અટરીયા, ધ બિઝનેસ હબ, શોપ નં. B-32, 'KH-0', સરગાસણ ૪ રસ્તા, ગાંધીનગર. M. 9227706105
chipsgnd@gmail.com



પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૨૨૫ | ૨૪ ઓક્ટોબર, ૨૦૧૮, બુધવાર; આસો સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## ન્યુઝ ટ્રેક

### પ્રતિબંધિત ડ્રગ સાથે એક્ટર એઝાઝખાન ઝડપાયો

એક્ટર એઝાઝખાનની નવી મુંબઈ પોલીસે ધરપકડ કરી છે. એઝાઝખાન પાસેથી પ્રતિબિંધિત ડ્રગ્સની ૮ ગોળીઓ મળી આવી છે. બીગ બોસ-૭માં ભાગ લઈ ચર્ચામાં આવનાર એઝાઝખાન નશો કરેલી હાલતમાં મળી આવ્યો હતો.

### શિવપાલ યાદવની પાર્ટીની ઘોષણા

શિવપાલ યાદવે સેક્યુલર મોર્ચા સદસ્યતા ગ્રહણ સમારોહમાં નવી પાર્ટીની ઘોષણા કરી છે. શિવપાલ યાદવે કહ્યુ છે કે સમાજવાદી પાર્ટી લોહિયાના નામે પાર્ટીની નોંધણી કરવામાં આવી છે. આ બેનર હેઠળ ચૂંટણીઓ લડાશે.

### દિલ્હીમાં ફટાકડા અમુક સ્થળે જ ફોડી શકાશે

દિલ્હી સહિત કેટલાય શહેરોમાં વધી રહેલા વાયુ પ્રદૂષણ પર લગામ કસવા માટે સુપ્રિમ કોર્ટે કેટલીક આકરી શરતો મુકી છે. દિલ્હીમાં બધા જ સ્થળોએ ફટાકડા નહી ફોડી શકાય. માત્ર નામાંકિત સ્થળો પર જ ફટાકડા ફોડી શકાશે. દિવાળીના દિવસે માત્ર ૮ થી ૧૦ દરમ્યાન જ ફટાકડા ફોડી શકાશે.

### યુપીમાં દરેક વિદ્યાર્થીને શિષ્યવૃત્તિ મળશે

ઉત્તર પ્રદેશમાં હવે દરેક વિદ્યાર્થીને શિષ્યવૃત્તિ મળશે. મેરીટના આધારે લાભ મળશે. સામાન્ય, અનુસૂચિત જાતિ-જનજાતિ અને અલ્પસંખ્યક વર્ગ સહિત તમામને શિષ્યવૃત્તિનો લાભ મળશે તેવુ મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે જણાવ્યુ છે.

# ફટાકડા પર પ્રતિબંધ મુકવા સુપ્રિમનો ઈન્કાર

**ફટાકડાના વેચાણ પર પ્રતિબંધ મુકવા સુપ્રીમનો સ્પષ્ટ ઇનકાર : દિવાળી પર્વ પર ફટાકડા ફોડવા શરતી મંજુરી : ડેસિબલ લિમિટ ધરાવતા, ઓછું પ્રદૂષણ ફેલાવતા ફટાકડા ફોડવાની સુપ્રીમે લીલીઝંડી આપી : ઇ-કોમર્સ વેબસાઇટ પર ફટાકડાઓના વેચાણ પર પ્રતિબંધ**



નવી દિલ્હી,તા. ૨૩

સુપ્રીમ કોર્ટે આજે અતિમહત્વપૂર્ણ અને દૂરગામી અસર થાય તે રીતે ફટાકડાના વેચાણ પર દેશવ્યાપી પ્રતિબંધ મુકવાનો સાફ ઈન્કાર કરી દીધો હતો. જો કે સુપ્રીમ કોર્ટ દ્વારા કેટલીક શરતો પણ લાગુ કરવામાં આવ હતી. સુપ્રીમ કોર્ટના ચુકાદા પર આજે તમામની નજર હતી. મંગળવારે પોતાના ચુકાદામાં સુપ્રીમ કોર્ટે કહ્યુ હતુ કે ફટાકડાનુ ઓનલાઈન વેચાણ કરી શકાશે નહીં. ફટાકડાનુ વેચાણ પણ હવે માત્ર લાયસન્સ ધરાવતા ટ્રેડર્સ દ્વારા જ કરી શકાશે. અરજી પર સુનાવણી કરતી વેળા સુપ્રીમ કોર્ટે કેટલીક મહત્પૂર્ણ શરતો પણ લાગૂ કરી હતી. સુપ્રીમ કોર્ટે પર્યાવરણને ઓછું નુકસાન પહોંચાડનાર ફટાકડાના ઉત્પાદન અને વેચાણની મંજુરી આપી હતી જેનાથી દેશભરમાં ઓછું પ્રદૂષણ ફેલાશે. સુપ્રીમ કોર્ટનો ચુકાદો આ સમયે આવ્યો છે જ્યારે થોડાક દિવસ બાદ દિવાળીની ઉજવણી કરવામાં આવનાર છે. દિવાળી ઉપર ફટાકડા ફોડવા માટે કોર્ટે સમય મર્યાદા પણ નક્કી કરી દીધી છે. સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ દિવાળી પર સાંજે આઠ વાગ્યાથી ૧૦ વાગ્યા સુધી જ ફટાકડા ફોડી શકાશે. આ પહેલા મામલામાં ૨૮મી ઓગસ્ટના દિવસે જસ્ટિસ એકે સિકરી અને અશોક ભૂષણની

● અનુસંધાન પાન-૭ પર

## લાલુ પરિવારની ૧૨૮ કરોડની સંપત્તિ જપ્ત કરાશે

**૧૭ પ્રોપર્ટીને કબજામાં લેવાની જાહેરાત : લાલુ પ્રસાદ યાદવની સંપત્તિની કિંમત કરોડોમાં રૂપિયામાં છે : ઇનકમ ટેક્સ વિભાગ દ્વારા આક્રમક કાર્યવાહી જારી**



પટણા,તા. ૨૩

બિહારના પૂર્વ મુખ્યપ્રધાન અને આરજેડીના અધ્યક્ષ લાલુ પ્રસાદ યાદવના પરિવારના સભ્યો ટુંક સમયમાં જ પટણા અને દિલ્હીના સૌથી મોંઘા વિસ્તારમાં રહેલી તેમની સંપત્તિ ગુમાવી દે તેવી શક્યતા છે. બેનામી સોદાબાજી (અટકાયત) સુધારા બિલ અને કાયદા હેઠળ ઈન્કમ ટેક્સ વિભાગે ૧૭ પ્રોપર્ટીને તરત કબજે કરવાની જાહેરાત કરી દીધી છે. આ સંપત્તિની કુલ કિંમત આશરે ૧૨૮ કરોડ રૂપિયા છે. કબજે કરવામાં આવેલી સંપત્તિ લાલુ યાદવના નજીકના લોકોની છે. લાલુ યાદવના પરિવારના સભ્યોએ શેલ કંપનીઓ મારફતે યુપીએના શાસનકાળ દરમિયાન ખરીદી લેવામાં આવી હતી. એ વખતે લાલુ યાદવ પોતે રેલવે પ્રધાન તરીકે હતા. મોડેથી આ તમામ

● અનુસંધાન પાન-૭ પર

# અસ્થાના-આલોક વચ્ચે સમાધાનની શક્યતા નહીવત

**નરેન્દ્ર મોદીની દેખરેખમાં સમાધાનના પ્રયાસો : મોદી સરકાર કાયદાકીય રસ્તાઓથી નિયંત્રણ મુકી શકે**

નવી દિલ્હી,તા. ૨૩

સીબીઆઈના મામલાના લીધે સરકારની મુશ્કેલી પણ હવે વધી રહી છે. સીબીઆઈમાં ટોપ અધિકારીઓ વચ્ચે ખેંચતાણના કારણે સ્થિતી ગંભીર બની રહી છે. તપાસ સંસ્થાની વિશ્વસનીયતા પર પ્રશ્નો થઈ રહ્યા છે. સાથે સાથે સરકાર માટે પણ સ્થિતી કાબુમાં લેવાની બાબત મુશ્કેલરૂપ બનેલી છે. ગઈકાલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સરકાર સાથે જોડાયેલા ટોપ અધિકારીઓ સમગ્ર દિવસ દરમિયાન આ વિવાદને ઉકેલવાના પ્રયાસમાં લાગેલા રહ્યા હતા. ડિરેક્ટર આલોક વર્માએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે વાતચીત કરી હતી. ત્યારબાદ આ કેસ સાથે જોડાયેલા ડીએસપી રેંકના અધિકારીની ધરપકડ કરવામાં આવી હતી. ત્યારબાદ તમામ અધિકારીઓના આવાસ પર દરોડા પણ પાડવામાં આવ્યા હતા. દરોડા દરમિયાન અનેક દસ્તાવેજો અને ડાયરી જપ્ત કરવામાં આવી છે. જો કે સીબીઆઈ હાલમાં મૌન છે.

● અનુસંધાન પાન-૭ પર

## રાકેશ અસ્થાનાને રાહત

**૨૯મી સુધી ધરપકડ નહીં કરવા માટે આદેશ**

નવીદિલ્હી, તા. ૨૩

સીબીઆઈ ડિરેક્ટર આલોક વર્મા અને સ્પેશિયલ ડિરેક્ટર રાકેશ અસ્થાનાના મામલામાં હાઈકોર્ટે અસ્થાનાને હાલમાં વચગાળાની રાહત આપી છે. હાઈકોર્ટે મામલાની આગામી સુનાવણી

● અનુસંધાન પાન-૭ પર

## શેરબજારમાં અવિરત મંદીનો દોર જારી : ૨૮૭ પોઈન્ટનો ઘટાડો

મુંબઈ,તા. ૨૩

શેરબજારમાં આજે પણ મંદીનો માહોલ અકબંધ રહ્યો હતો. કારોબારના અંતે બીએસઈ સેંસેક્સ ૨૮૭ પોઈન્ટ ઘટીને ૩૩૮૪૭ની નીચી સપાટી પર રહ્યો હતો. જ્યારે બ્રોડર નિફ્ટી ઈન્ડેક્સ ૯૮ પોઈન્ટ ઘટીને ૧૦૧૪૭ની નીચી સપાટી પર રહ્યો હતો. સેક્ટરલ ઈન્ડેક્સની વાત કરવામાં આવે તો નિફ્ટી આઈટી ઈન્ડેક્સમાં ૨.૮ ટકાનો ઘટાડો રહ્યો હતો. વિપ્રો, ઈન્ફોસીસ અને ટીસીએસના શેરમાં જોરદાર કડાકો બોલી ગયો હતો. નિફ્ટી ફાર્મા ઈન્ડેક્સમાં પણ ૨.૯ ટકા સુધીનો ઘટાડો રહ્યો હતો. સન ફાર્માના શેરમાં મંદીનુ મોજુ ફરી વળ્યુ હતુ. વ્યક્તિગત શેરની વાત કરવામાં આવે તો એશિયન પેઈન્ટસના શેરમાં ૪.૮ ટકાનો ઘટાડો થયો હતો. નોન બેંકિંગફાઈનાન્સિયલ કંપનીઓમાં લિક્વિડીટીની કટોકટીથી રોકાણકારો હચમચી ઉઠ્યા છે.

આ મુદ્દાને હાથ ધરવા માટે સરકાર અને આરબીઆઈ તરફથી જુદા જુદા પગલા લેવામાં આવ્યા હોવા છતાં નોન બેંકિંગ ફાઈનાન્સિયલ કંપનીઓમાં કટોકટીને લઈને ચિંતા દૂર થઈ રહી નથી. આઈ એલ એન્ડ એફ એસની કટોકટી બાદ હવે એનબીએફસીમાં નવી કટોકટી ઉભી થઈ છે જેથી વેચવાલીનું વાતાવરણ રહ્યું છે. આરબીઆઈ દ્વારા લિક્વિડીટી ઠાલવવાના પ્રયાસ કરાઈ રહ્યા છે પરંતુ મૂડીરોકાણકારોનો વિશ્વાસ પુનઃ સ્થાપિત કરવાની બાબત સરળ દેખાઈ રહી નથી.

## સરકારે ૫-જી અને વાઈફાઈ માટે ૫ GHZ બેન્ડના સ્પેક્ટ્રમ કર્યા લાયસન્સ ફ્રી

ન્યુ દિલ્હી,તા. ૨૩

સરકાર પાંચ ગીગાહર્ટ્ઝ બેન્ડમાં વાઈફાઈ માટે લાઈસન્સિંગ માટે સ્પેક્ટ્રમ છૂટા કરવાની તૈયારીમાં છે. તેની સાથે તે ટેલિકોમ કંપનીઓ માટે ૫જી સર્વિસ પણ અંશતઃ ધોરણે મુક્ત કરશે. ૫,૧૫૦થી ૫,૨૫૦ મેગાહર્ટ્ઝના બેન્ડ, ૫,૨૫૦-૫,૩૫૦ મેગાહર્ટ્ઝ અને ૫,૭૨૫-૫૮૭૫ મેગાહર્ટ્ઝના સ્પેક્ટ્રમની રેન્જ માટે કોઈ પરવાનગીની જરૂર નહીં પડે.

સરકારી જાહેરનામા મુજબ ઈન્ડોર અને આઉટડોર એન્વાયર્મેન્ટ પ્રસ્થઆપિત કરવા, જાળવવા, કામ કરવા, કોઈપણ પ્રકારના વાયરલેસ ઈક્વિપમેન્ટની માલિકી કે ડીલ કરવાના હેતુથી લો પાવર વાયરલેસ એક્સેસ સિસ્ટમ્સ માટે કોઈ મંજૂરીની જરૂર નહી પડે. તેમા રેડિયો લોકલ એરિયા નેટવર્કનો સમાવેશ થાય છે,

● અનુસંધાન પાન-૭ પર


હાર્દિક અભિનંદન
ગાંધીનગર રાજપૂત સમાજ



શ્રી લાલસિંહ કે. વાઘેલા
પ્રમુખ



શ્રી હિતેન્દ્રસિંહ છ. રાઓલ
મહામંત્રી

આપ સર્વની ગાંધીનગર શહેર રાજપૂત સમાજમાં સમાજના પ્રમુખ તરીકે અને મહામંત્રી તરીકે બીનહરિફ સર્વાનુમતે વરણી થવા બદલ તથા કમિટીના સર્વે સભ્યોને પણ ખૂબ ખૂબ અભિનંદન અને ઉત્તરોત્તર પ્રગતિ કરો તેવી શુભકામના...

શુભેચ્છક
અર્જુનસિંહ એ. વાઘેલા
વાસણ વસાહત મંડળ, પ્રમુખ
ભીખુસિંહ ટી. વાઘેલા
રણજીતસિંહ એસ. ડાભી
રાજપૂત ભવન કાર્યાલય-ક્લાર્ક
ખોડાજી જી. બિહોલા
નરેન્દ્રસિંહ એ. વાઘેલા
ફર્મ
સિદ્ધેશ્વર મંડપ ડેકોરેટર્સ
સિદ્ધેશ્વરી પેટ્રોલીયમ, પાલજ



JALIYAN JEWELLERS
House of Jwellary
ઉત્સવ
શરદ પૂનમનો...
દાગીનાની વિશાળ શ્રેણીમાંથી આપની પસંદના ઘરેણાં ખરીદો...



લગ્ન પ્રસંગ તથા દિવાળીના અવસરે ઘરેણાનું અધતન કલેક્શન




જુના દાગીના પર પૂરેપુરુ વળતર મેળવો
કેરેટોમીટર મશીન પર આપના દાગીનાની ચકાસણી
પ્લોટ નં. ૧૫૨૪, અપના બજાર પાસે, જલારામ હોસ્પિટલની બાજુમાં, સેક્ટર-૬, ગાંધીનગર
Mobile. 97257 22224 – 98257 22224



VARSHAS'
Pre Diwali Exhibition
The Best Selection In Fashion, Jewellery, Lifestyle And Food
A Perfect Place To Shop For The Upcoming Festivals And It's Celebration
25th - 26th OCTOBER, 2018. TIME - 10 AM to 9 PM
Venue : Atria Business Hub, B-wing, First Floor Sargasan Cross Road, KH-0, Gandhinagar
Entry Free
Varsha Odhavani- 94286 82888 (International Exhibitor)
Varsha Gajaria - 96246 82232 (Artisan)
:: SPONSORED BY ::
Mayur Constructions :- 99044 83888
Laxmi Sales Agency :- 99256 63136
Prism Steel Art :- 99781 21414
Ashwamegh Buildcon :- 98988 07979
Sri Sri International :- 98256 47976
Dr. Rakesh Mori :- 89800 25441
Vrundavan Sweets & Namkin



ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય